આફ્રિકન દેશોમાં નોંધાયેલા રોગનો હાલ રાજ્યમાં હાલ એકપણ કેસ નહીં

ઈબોલાને લીધે ગુજરાતમાં એલર્ટ

અમદાવાદમાં ૩૨ બેડની ડેઝીગ્નેટેડ એપેક્સ હોસ્પિટલ કાર્યરત

સુરત સિવિલ હોસ્પિટલમાં પણ ૧૦ બેડની વિશેષ વ્યવસ્થા

એસ.વી.પી. હોસ્પિટલ (અમદાવાદ): શંકાસ્પદ દર્દીઓની સારવાર માટે ૬૦ બેડનો અલાયદો આઇસોલેશન વોર્ડ તૈયાર કરાયો

ગાંધીનગર : આફ્રિકાના કેટલાક દેશોમાં ઈબોલા વાયરસના વધી રહેલા કેસોને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારનું આરોગ્ય તંત્ર સંપૂર્ણ એલર્ટ મોડ પર આવી ગયું છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે હાલ ગુજરાત કે સમગ્ર ભારતમાં ઈબોલાનો એકપણ કેસ નોંધાયો નથી અને જનતાએ ગભરાવાની કોઈ જરૂર નથી.ગાંધીનગર સ્થિત સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે આરોગ્ય રાજ્ય મંત્રીની અધ્યક્ષતામાં આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં રાજ્યની તૈયારીઓ, આગોતરા આયોજન અને કેન્દ્ર સરકારની માર્ગદર્શિકાના અમલ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આરોગ્ય વિભાગ દ્વારા કેન્દ્ર સરકારની SOP અને ગાઈડલાઈનનું કડક પાલન કરવામાં આવી રહ્યું છે. સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે રાજ્યની વિવિધ હોસ્પિટલોમાં ખાસ આઇસોલેશન અને સારવાર વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ૩૨ બેડની ડેઝીગ્નેટેડ એપેક્સ હોસ્પિટલ કાર્યરત કરવામાં આવી છે, જ્યારે સુરત સિવિલ હોસ્પિટલ ખાતેમાં ૧૦ બેડની વિશેષ વ્યવસ્થા તૈયાર કરવામાં આવી છે. ઉપરાંત એસવીપી હોસ્પિટલ ખાતે ખાતે શંકાસ્પદ દર્દીઓ માટે ૬૦ બેડનો અલગ આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે.

સરકારના આરોગ્ય વિભાગે ખાસ કરીને આફ્રિકાના પ્રભાવિત દેશોમાંથી આવતા મુસાફરો માટે સાવચેતી વધારી છે. સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર યુગાન્ડા, કોંગો અને સાઉથ સુદાનથી આવતા મુસાફરોનું સઘન સ્ક્રીનિંગ કરવામાં આવી રહ્યું છે. સાંજે ૬ વાગ્યાથી સવારે ૧૦ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન તમામ સંબંધિત મુસાફરોની તપાસ કરવામાં આવે છે. આરોગ્ય વિભાગે સ્પષ્ટ કર્યું છે કે આ સ્ક્રીનિંગ માત્ર પ્રભાવિત દેશોમાંથી આવતા મુસાફરો માટે જ છે અને અન્ય મુસાફરોએ ચિંતા કરવાની જરૂર નથી.

આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારના તમામ આરોગ્ય અને વહીવટી અધિકારીઓ સંપૂર્ણ તૈયારી સાથે સજ્જ છે. જો કોઈ શંકાસ્પદ કેસ સામે આવશે તો ભારત સરકારની ગાઈડલાઈન મુજબ તાત્કાલિક સારવાર અને જરૂરી પગલાં લેવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે રાજ્યનું આરોગ્ય તંત્ર નાગરિકોની સુરક્ષા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

નાગરિકોએ ગભરાવવાની જરુર નથી : પ્રફુલ્લ પાનશેરિયા

ગુજરાત કે ભારતમાં હાલની સ્થિતિએ ઈબોલા વાયરસનો એક પણ કેસ નથી, નાગરિકોએ સહેજ પણ ગભરાવવાની જરૂર નથી. કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગ દ્વારા જે માર્ગદર્શિકા અને સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર -SOP ગુજરાત સરકારને આપવામાં આવી છે, તેનું ચુસ્તપણે પાલન કરવા માટે આરોગ્ય વિભાગની આખી ટીમનું સુવ્યવસ્થિત આયોજન કરી દેવામાં આવ્યું છે. રાજ્ય સરકારના તમામ વહીવટી અને આરોગ્ય અધિકારીઓ કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સંપૂર્ણ તૈયારીઓ સાથે સજ્જ છે તેમ, આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું.

૧૦ લાખના ચેક રીટર્નના કેસમાં ઓલપાડના ઝીંગા ઉત્પાદકને એક વર્ષની કેદ

સુરત: ઝીંગા ઉત્પાદનનો વ્યવસાય કરતાં આરોપી નિખંજકુમમાર પ્રવિણભાઈ પટેલ(મોતીહરા ફળીયું, સેલુત, તા. ઓલપાડ)ને કોર્ટે ચેક રિટર્ન કેસમાં સજા ફટકારી હતી. ઝીંગા બિયારણ વેચતી ઓસ્કો ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડના ડિરેક્ટર ફરિયાદી સરતકુમાર મક્ધર પલાઇ પાસેથી તેમણે રૂ.૪૦,૨૮,૩૨૨નો માલની ખરીદી કરી હતી. જેનાં પાર્ટ પેમેન્ટ પેટે આરોપીએ તા.૨૦/૦૧/૨૦૧૯ના રોજનો રૂ. દશ લાખનો ચેક આપ્યો હતો. જે રિટર્ન થતાં ફરિયાદીએ આરોપીને નોટીસ આપ્યાં બાદ કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. ફરિયાદ પક્ષે વકીલ ધર્મેશ ગાંધી તથા ભાવેશ ચલીઆવાલાની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા તથા રૂ.વીસ લાખનો દંડ ફટકાર્યો હતો.

બેગમવાડીમાં બાળકને 10 ફૂટ સુધી ખેંચી ગયા

રિંગ રોડ પર 40 સેકન્ડ સુધી કૂતરા બચકાં ભરતા રહ્યા

એક પછી એક બાળકો પર કૂતરા હુમલો કરે છે અને બેશરમ અધિકારીઓ એસી ઓફિસમાં બેસી રહે છે

એક જ અઠવાડિયામાં સુરત શહેરમાં ડોગ બાઇટિંગની ચાર ઘટનાથી લોકોમાં આક્રોશ

સુરત : સુરત શહેરમાં છેલ્લા ઘણાં સમયથી ખતરનાક કૂતરાઓનો ત્રાસ છે. તેમાં પણ આજે તેનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. 24મેના રોજ રિંગ રોડ વિસ્તારમાં આવેલી બેગમવાડીની પ્રખ્યાત તિરૂપતિ માર્કેટના પાર્કિંગમાં એક માસૂમ બાળક પર રખડતા શ્વાનોના ટોળાએ જીવલેણ હુમલો કર્યો હતો. આ સમગ્ર ઘટના માર્કેટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેના ફૂટેજ જોઈને કોઈપણ ધ્રુજી ઊઠે તેમ છે. જેમાં જોઇ શકાય છે કે, ત્રણ શ્વાન બાળકને 40 સેકન્ડ સુધી બચકા ભરીને ઢસડી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે, સુરત શહેરમાં છેલ્લા એક અઠવાડિયામાં ડોગ બાઈટની 5 ઘટના સામે આવી છે. સુપ્રીમ કોર્ટના વકડ વલણ બાદ પણ સુરત કોર્પોરેશનનું તંત્ર ઊંઘમાં જોવા મળી રહ્યું છે. તિરૂપતિ માર્કેટના સીસીટીવી ફૂટેજ અનુસાર, માસૂમ બાળક માર્કેટના પાર્કિંગ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે અચાનક ત્રણ જેટલા હિંસક રખડતા શ્વાનોએ તેના પર તરાપ મારી હતી. શ્વાનોએ બાળકને નીચે પાડી દીધું હતું અને તેને બચકાં ભરવાનું શરૂ કર્યું હતું. આ ક્રૂર હુમલા દરમિયાન શ્વાનો માસૂમને અંદાજે 10 ફૂટ સુધી રસ્તા પર ઢસડી ગયા હતા. અસહાય બાળક પોતાની જાતને બચાવવા તરફડિયાં મારી રહ્યું હતું અને શ્વાનો તેને સતત 40 સેકન્ડ સુધી ફાડી ખાવાનો પ્રયાસ કરતા રહ્યા હતા.

લોકો દોડી આવતા બાળકનો જીવ બચ્યો, હોસ્પિટલ ખસેડાયો

બાળકની ચીસાચીસ અને શ્વાનનો ભસવાનો અવાજ સાંભળીને આસપાસના વેપારીઓ અને ત્યાં હાજર લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લોકોએ લાકડીઓ અને પથ્થર મારીને હિંસક બનેલા શ્વાનોને ત્યાંથી ભગાડ્યા હતા અને લોહીલુહાણ હાલતમાં બાળકને શ્વાનોના મોંમાંથી છોડાવ્યું હતું. હુમલામાં બાળકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી તેને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું હતું, જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે.

આ વર્ષે સુરત સિવિલમાં નોંધાયેલા ડોગબાઇટના કેસ

જાન્યુઆરી	1148
ફેબ્રુઆરી	974
માર્ચ	1136
એપ્રિલ	1026
મે(23 મે સુધીના)	574
કુલ	**4858**

રામપુરામાં બકરાનો શિકાર કરી નાંખ્યો

આજ દિવસે કોટ વિસ્તારના રોહિત મોહલ્લામાં બકરી-ઈદ માટે લાવેલા ત્રણ બકરાનો શ્વાનો શિકાર કરતા લોકોમાં ડરની સાથે રોષ જોવા મળી રહ્યો છે. ઇદ માટે લાવેલા બકરાને કોઇ કરડી જાય અથવા તો તેને ઇજા પહોંચે તો પણ તેની બલિ ચડાવી શકાતી નથી.

તારીખ	વિસ્તાર	ઘટના
18 મે 2026	ખાનપુરા, લિંબાયત	ઘર પાસે રમતા બાળક પર પરિવારની હાજરીમાં કૂતરાઓનો હુમલો
20 મે 2026	પીપોદરા	પાઇપ ફેક્ટરીમાં રમતા બાળકના ગાલનો માંસનો લોચો કૂતરાઓએ કાઢી નાંખ્યો
22 મે 2026	કડોદરા નહેર	ત્રણ વર્ષના બાળકને ત્રણ કૂતરાઓએ લોહીલુહાણ કરી નાંખ્યો
22 મે 2026	ઘંટીવાલા ગાર્ડન, ઘોડદોડ રોડ	આઇસક્રીમ લઇને જતી બાળકીના હાથે કૂતરાએ બચકાં ભર્યા
24 મે 2026	બેગમવાડી, રિંગ રોડ	કૂતરાઓએ 40 સેકન્ડ સુધી બાળકને બચકાં ભર્યા

૬૦ લાખથી વધુના ટ્રાન્ઝેક્શનનો ખુલાસો

'જ્યોતિષ કિન્નર ગુરુમા' બની લોકોને બ્લેકમેલ કરવાનો કારસો

આંતરરાજ્ય ટોળકીનો વધુ એક સાગરિત જયપુરથી ઝડપાયો

વિધિ અને વશીકરણના નામે તસવીરો મંગાવી મોર્ફ કરાતી હતી

લોકોને નગ્ન કરી સ્ક્રીન શોટ લઇ વીડિયો ફરતો કરવાની ધમકી અપાતી હતી

અમદાવાદ : સોશિયલ મીડિયા પર "જ્યોતિષ કિન્નર ગુરુમા" તરીકે ઓળખ આપી પ્રેમ સંબંધ, લગ્નજીવન અને વ્યક્તિગત સમસ્યાઓનું સમાધાન કરવાના બહાને લોકો સાથે છેતરપીંડી અને બ્લેકમેઈલિંગ કરતી આંતરરાજ્ય ટોળકીનો વધુ એક આરોપી વિકાસ પોખરાજ ભાર્ગવને જયપુર, રાજસ્થાનથી ક્રાઈમ બ્રાંચની સાયબર સેલે ઝડપી લીધો છે.

પોલીસે તેને કોર્ટમાં રજૂ કરતા કોર્ટ આરોપીના ચાર દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવતા વધુ તપાસ હાથ ધરાઈ છે.

આ અંગે મળતી માહિતી મુજબ પોલીસ તપાસ મુજબ આરોપીઓએ "astrologer^pooja^kinnar^maa" નામની ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી પોતાને જ્યોતિષ પૂજા કિન્નર ગુરુમા તરીકે રજૂ કર્યા હતા. ત્યારબાદ પ્રેમ સંબંધ, લગ્નજીવન અને વ્યક્તિગત સમસ્યાઓના ઉકેલના બહાને ભોગ બનનારાઓનો વિશ્વાસ જીતી તેઓ સાથે સંપર્ક સાધવામાં આવતો હતો.

આરોપીઓ દ્વારા વિધી અને વશીકરણના નામે ભોગ બનનારાઓ પાસેથી ફોટા અને વ્યક્તિગત માહિતી મંગાવવામાં આવતી હતી. બાદમાં ફોટાઓ એડિટ કરી સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેઈલિંગ શરૂ કરવામાં આવતું હતું. એટલું જ નહીં, વોટ્સએપ વીડિયો કોલ દ્વારા ભોગ બનનારાઓને નગ્ન થવા માટે મજબૂર કરી તેનું સ્ક્રીન રેકોર્ડિંગ કરવામાં આવતું હતું અને પછી વીડિયો વાયરલ કરવાની ધમકી આપી નાણાં ઉઘરાવવામાં આવતા હતા. આ રીતે અલગ અલગ ટ્રાન્ઝેક્શન મારફતે એક ભોગ બનનાર પાસેથી કુલ રૂ. ૧,૪૩,૯૫૧ની રકમ પડાવવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

સાયબર ક્રાઈમ બ્રાન્ચે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન અગાઉ આ ગુનામાં સંડોવાયેલા આરોપી રજનીશ ગોવિંદલાલ ભાર્ગવને બિકાનેર, રાજસ્થાન ખાતેથી અગાઉ ઝડપી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ વધુ તપાસમાં વિકાસ પોખરાજ ભાર્ગવની સંડોવણી સામે આવતા તેને જયપુરથી ઝડપી પાડવામાં આવ્યો હતો.

ખેડૂતોને હવે 200 લિટર જ ડીઝલ મળશે

પેટ્રોલ-ડિઝલ અછત વચ્ચે રાજ્ય સરકારનો નિર્ણય

ગાંધીનગર : રાજ્યમાં પેટ્રોલ અને ડિઝલની અછત વચ્ચે રાજ્ય સરકારના નાગરિક પુરવઠા વિભાગે ખેડૂતો માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. નવા નિયમ મુજબ હવે ખેડૂતોને ટ્રેક્ટર, પંપસેટ અને અન્ય ખેતીના ઉપયોગ માટે વધુમાં વધુ 200 લીટર સુધી જ ડિઝલ આપવામાં આવશે. છેલ્લા કેટલાક દિવસોથી રાજ્યના અનેક વિસ્તારોમાં પેટ્રોલ પંપો પર લાંબી કતારો જોવા મળી રહી છે. ખાસ કરીને ખેતીની સિઝન વચ્ચે ખેડૂતોમાં ડિઝલની અછતને લઈને ચિંતા વધી રહી હતી. આવી સ્થિતિમાં ડિઝલનું સમતોલ વિતરણ થાય અને દરેક ખેડૂતો સુધી પૂરતો જથ્થો પહોંચી શકે તે હેતુથી સરકારે આ મર્યાદા નક્કી કરી છે.

સરકારના નિર્ણય મુજબ ખેડૂતો પોતાના વાહન, બેરલ અથવા અન્ય સંગ્રહ સાધન મારફતે માત્ર 200 લીટર સુધી જ ડિઝલ મેળવી શકશે. પુરવઠા વિભાગે પેટ્રોલ પંપ સંચાલકોને પણ આ નિયમનું કડક પાલન કરવા સૂચના આપી છે. સરકારનું માનવું છે કે કેટલાક વિસ્તારોમાં મોટા પ્રમાણમાં ડિઝલ ખરીદાતા અન્ય લોકોને મુશ્કેલી પડી રહી હતી. હવે મર્યાદા લાગુ થતાં વિતરણમાં પારદર્શિતા જળવાઈ રહેશે અને કાળાબજારી રોકવામાં પણ મદદ મળશે.ખેડૂતોમાં આ નિર્ણય અંગે મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે. કેટલાક ખેડૂતો માટે 200 લીટર પૂરતું હોવાનું માનવામાં આવે છે, જ્યારે મોટા ખેડૂતો વધુ જથ્થાની જરૂરિયાત જણાવી રહ્યા છે. સરકારે હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ પગલું ભર્યું હોવાનું જણાવ્યું છે.

સુડોકુ - 'કૃતિ' ૬૫૩૨

૯		૬	૨		૮		૫	૩
	૩	૧	૬	૫		૯		
		૪	૩	૯			૬	
	૧			૨	૬			
૬			૧	૩	૯			
૨					૫			૬
૭	૪		૫		૨			
૧		૫	૪		૩			
૩	૬	૨			૧	૫		

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨૯૧૫-૧૬૬૭ ક્રિડિટ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

કાનનો દુખાવો

ગલગોટાનું ફૂલ ઘોઈ, સ્વચ્છ કપડાં થી નુંછી હથેળીમાં ચોળી કાઢેલો રસ કાનમાં નાખવો. કાળજી રાખવી. કાનના પરદા મા કાણું હોય તો કાનમાં કશું નાખીને દર્દી માટે મુશ્કેલી ઉભી કરવી નહીં.

શબ્દગુંફન - ૭૨૨૮

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. ખબર મોકલનાર (૫)
૫. રંગ, વર્ણ (૨)
૬. અણસમજુ (૫)
૯. ચળકતું, જાહેર (૩)
૧૨. હાથી (૨)
૧૩. સૂર્ય (૨)
૧૪. ચર્ચા, ઊહાપોહ (૪)
૧૬. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૧૭. ઠીક, સારું (૨)
૧૮. બનાવટી (૩)
૧૯. એક રાશિ (૨)
૨૦. અનુકરણ (૩)
૨૨. પાસા ફેંકીને ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
૨૪. એક કઠોળ (૨)
૨૮. શરીર (૨)
૨૯. ચિંતન કરવાના સ્વભાવવાળું (૫)
૩૦. કિંમત, મૂલ્ય(૨)
૩૧. બૂમ, પ્રતાપ (૨)
૩૨. અક્કલ (૨)
૩૩. દીવાની જ્યોત (૨)

ઊભી ચાવી

૧. ખિસકોલી (૨)
૨. રહેવાસી (૩)
૩. પખવાડિયાની ત્રીજી તિથિ (૨)
૪. આકાશ (૨)
૫. પવન, વાર્તા (૨)
૭. બીક (૨)
૮. રસ ધરાવતો માણસ (૩)
૯. એક દિવસની મજૂરી (૨)
૧૦. નવાઈભર્યું (૩)
૧૧. પરાજય (૨)
૧૨. આકાશમાં જનારું (૫)
૧૪. દેગ (૨)
૧૫. કાળજી, ચાલાકી (૩)
૧૬. ઝીણું અને કાળું ઓઢણું (૩)
૧૭. મોટર ગાડી (૨)
૧૯. વિરોધી જમાવટ (૨)
૨૦. પર્વત (૨)
૨૧. લગ્ન, લગની (૩)
૨૩. શ્રમ, જહેમત (૪)
૨૪. ઇચ્છા (૨)
૨૬. મીઠું (૩)
૨૭. ઘા પર લગાડવાનું ઔષધ (૩)
૨૮. પાણી પીવાની ઇચ્છા (૩)



૭૨૨૭ - ૧૬૬૭ મ્ફ્ઁઉઆઇ

આજનું પંચાંગ

તા.26/05/2026, મંગળવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** અધિક જેઠ
તિથિ: સુદ: અગિયારસ વૃદ્ધિ તિથિ છે.
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : જેઠ: 05
યોગ : સિદ્ધિ **કરણ:** વણિજ
નક્ષત્ર : હસ્ત : 29:57
રાશિ: કન્યા (પ.ઠ.ણ.)
દિવસ : અશુભ
સુરતમાં સૂર્યોદય : 05:59
સુરતમાં સૂર્યાસ્ત : 19:12
નવકારસી : 06:47
પારસી વર્ષ : 1395 દએ માસનો 15મો રોજ
મુસલમાન વર્ષ : 1447 જિલ્હાદ માસનો 08મો રોજ
દિવસનાં ચોઘડિયાં: રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
રાત્રિનાં ચોઘડિયાં: કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
રાહુ કાળ : બપોરે : 15:00 થી 16:30 સુધી

મેષ (અ,લ,ઇ,): માતાના આરોગ્યના ખર્ચા અચાનક આવી શકે છે. માનસિક અશાંતિ સતાવે. કામમાં વિલંબ થાય.
વૃષભ (બ,વ,ઉ,): કોઇ ભેટ મળી શકે છે. મનોરંજન પ્રવાસ થાય. શેરબજારમાં ધીરજ રાખવી. મિત્રો સાથે વિવાહ થાય.
મિથુન (ક,છ,ઘ,): આર્થિક પ્રગતિ માટે નવી યોજના બને. નવા વેપાર ધંધામાં પ્રગતિ થાય. ઘરનાં કામમાં વિઘ્નો આવે.
કર્ક (ડ,હ,): નોકરીમાં પ્રભાવ વધે. આવકનાં સાધનો વધારવાની તક મળે. અટકેલાં કામ અને નાણાં છૂટા થઇ શકે છે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ,ટ,): આર્થિક રોકાણ માટે યોજના બને. ઘરમાં તાલમેળથી સંતાનોના કામની ચર્ચા સફળ રહે.
કન્યા (પ,ઠ,ણ,): આળસના કારણે આરામ કરવાનું મન થાય. ધાર્મિક કાર્યમાં ભાગ લેવાનું બને. પ્રવાસ થાય.
તુલા (ર,ત,): કાયદા કાનૂન અને સરકારી કામ બાબતે કોઇની વાતોમાં આવવું નહીં. ખર્ચા વધશે.
વૃશ્ચિક (ન,ય,): પ્રેમમાં સાથ મળે. સંતાનોનાં કામમાં મદદ મળે. આવક વધે. સમાજમાં અશાંતિ રહે.
ધન (ભ,ધ,ફ,ઢ,): પ્રોપર્ટીની ખરીદી થઇ શકે છે. નવા વેપાર-ધંધાની શરૂઆત થાય. આવક વધે.
મકર (ખ,જ,): રચનાત્મક કામ સફળ બને. પાર્ટી-પિકનીક થાય. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. મન અશાંત.
કુંભ (ગ,સ,શ,ષ,): આવક કરતાં જાવક વધે. લેવડ-દેવડમાં સાવધાની રાખવી. છેતરાઈ જવાનું બને.
મીન (દ,ચ,ઝ,થ,): રોજની આવક વધે. નવાં સંબંધો બને. સમાજમાં યશ મળે. ઘરમાં અવરજવર રહે.

કોઈ પણ સાલમાં 26 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી ધંધામાં ચડતીપડતી રહે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. આર્થિક બાબતે ચડતીપડતી રહે. નવાં વેપાર-ધંધા-વ્યવસાયમાં ટેકનોલોજીનો લાભ મળે. સમાજમાં સામાન્ય રહે. આરોગ્ય સામાન્ય રહે. ઉદ્વરાણીની ચિંતા સતાવે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. સંતાનોના કામમાં ચડતી-પડતી રહે. ઉમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ ધીમો પડે. વિદ્યાર્થીઓને તક મળે. વારસા, જાયદાદ, જમીન જેવાં કામમાં વિઘ્નો આવે. વડીલોની મદદ નવા ઘર, વાહન, મકાનમાં મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. નોકરી-ધંધા વગેરેમાં હરીફો સતાવશે. ડિસેમ્બર-જાન્યુઆરી-ફેબ્રુઆરી શુક્ર-શનિવાર, 8, 17, 26 તારીખે નવા કામ કરી શકાય. કાળો અને ભૂરો રંગ વાપરતા રહેવું. માર્ચ-એપ્રિલ, બુધવાર, 7,16, 25 તારીખે નવા કામ ટાળવાં. સોનેરી અને સામાન્ય લીલા રંગનો ઉપયોગ ટાળવો. શનિવારના ઉપાયો કરતાં રહેવું.

હજી સાત દિવસ અગનવર્ષા યથાવત રહેશે

ગુજરાતમાં અગનવર્ષા યથાવત

અમદાવાદ-ગાંધીનગરમાં 42 ડિગ્રી પાર

અમદાવાદ : ગુજરાતમાં ઉનાળાની ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યના અનેક શહેરોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રીથી વધુ નોંધાતા લોકોને ભારે ઉકળાટ અને ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. અમદાવાદ, ગાંધીનગર અને સુરેન્દ્રનગરમાં આજે 42 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, જ્યારે કંડલા એરપોર્ટ, અમરેલી, ભાવનગર, રાજકોટ અને વલ્લભ વિદ્યાનગરમાં 41 ડિગ્રી સુધી પારો પહોંચ્યો હતો.

હવામાન વિભાગના આંકડા મુજબ ભૂજમાં 39 ડિગ્રી, નલિયામાં 36 ડિગ્રી, કંડલા પોર્ટ પર 39 ડિગ્રી, પોરબંદરમાં 36 ડિગ્રી, મહુવામાં 36 ડિગ્રી, કેશોદમાં 37 ડિગ્રી, ડીસામાં 40 ડિગ્રી, વડોદરામાં 40 ડિગ્રી, સુરતમાં 37 ડિગ્રી અને દમણમાં 35 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે આગામી 26 મે સુધી આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેવાની આગાહી કરવામાં આવી છે. શહેરમાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

છેલ્લા 24 કલાક દરમિયાન ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ દીવ-દમણ વિસ્તારમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નોંધાયો નથી. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહ્યું હતું, જ્યારે અન્ય વિસ્તારોમાં તે સામાન્ય સ્તરે નોંધાયું હતું.હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી ચાર દિવસ સુધી રાજ્યમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. ત્યારબાદ તાપમાનમાં ધીમે ધીમે 2 થી 3 ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. જોકે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં 40 ડિગ્રીથી વધુ તાપમાન યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

દરિયાકાંઠાના વિસ્તારો માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર-કચ્છના કોસ્ટલ વિસ્તારોમાં 25થી 28 મે દરમિયાન ગરમ અને ભેજવાળી હવાના કારણે ભારે અસ્વસ્થતા સર્જાઈ શકે તેવી આગાહી કરવામાં આવી છે.હવામાન વિભાગે વધુમાં જણાવ્યું છે કે દક્ષિણ પશ્ચિમ ચોમાસાની ઉત્તર સીમા હાલ 7N/60E થી 17N/95E સુધી પસાર થઈ રહી છે અને આગામી 2થી 3 દિવસ દરમિયાન અરબી સમુદ્ર તથા બંગાળની ખાડીના વધુ વિસ્તારોમાં ચોમાસું આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ બની રહી છે.

બગુમરામાં પત્નીની હત્યા કરી ભાગી ગયેલો યુવક દિલ્હીથી ઝડપાયો

પલસાણા : ગત 17મી મે 2026ના રોજ બગુમરા ગામે મહદેવી વિલાના રૂમ નંબર 506માં મૈવીશ ખાતૂન અફજલ અલી (ઉ.વ.22, મૂળ રહે શિવપાલ, તા. જલાલપુર, જિ. આંબેડકર નગર, ઉત્તરપ્રદેશ)ની કોઈ અજાણ્યા ઇસમે ગળુ દબાવી હત્યા કરી હતી. આ બાબતે પ્રથમ અકસ્માત અને પીએમ બાદ હત્યાનો ખુલાસો થતાં હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસને મૃતક યુવતીના પતિ પર શંકા હોય દરમિયાન સુરત જિલ્લા એલસીબી અને પલસાણા પોલીસની ટીમ મૃતકના પતિ શિવમ રણજીતસિંહ ઠાકુર (ઉ.વ.25)ને શોધવા માટે દિલ્હી રવાના થઈ હતી. શિવમ ઠાકુર જૂની દિલ્હી રેલ-વે સ્ટેશનથી પોતાના વતનમાં નાસી જવાની ફિરાકમાં હતો ત્યારે પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. તેણે કબૂલ્યું હતું કે પોતે સોશિયલ મીડિયામાં કોઈ મહિલા સાથે સંપર્કમાં હોય જેની જાણ મારનાર પત્ની મૈવીશને થઈ જતાં જે બાબતે બંને વચ્ચે ઝઘડો થતો હતો. જેમાં બનાવ વખતે પણ આજ વાતને લઈને બંને વચ્ચે ઝઘડો થતો ગળુ દબાવી હત્યા કરી નાખી હતી અને હત્યા બાદ તે દિલ્હી ખાતે પહોંચી ત્યાંથી વતન જવાનો હતો.

ગંભીર ગુનાઓમાં ગુજરાત દેશના સૌથી સુરક્ષિત રાજ્યોમાં સામેલ

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોએ "ક્રાઈમ ઇન ઇન્ડિયા-2024" રિપોર્ટ રજુ કર્યો

ગાંધીનગર : નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો (એનસીઆરબી) દ્વારા જાહેર કરાયેલા "ક્રાઈમ ઇન ઇન્ડિયા-2024" રિપોર્ટ મુજબ ગુજરાત દેશમાં સૌથી સુરક્ષિત રાજ્યોમાં સ્થાન પામ્યું છે. મહિલા સુરક્ષા, ગંભીર ગુનાઓ, મિલકત વિરૂદ્ધના ગુનાઓ અને બાળકો સામેના ગુનાઓ જેવી અનેક કેટેગરીમાં ગુજરાતનો ક્રાઈમ રેટ રાષ્